आर्तनादः

A CRY BEFORE GOD

न्या. न्या. मुनिन्यायविजयकृतः

स्वोपज्ञगुजराती–अंग्रेजीअनुवादसहितः

: પ્રકાશક :

શ્રી તપાગચ્છ જૈન સંઘ,

માંડલ (વીરમગામ)

आर्तनादः

A CRY BEFORE GOD

न्या. न्या. मुनिन्यायविजयकृतः

स्वोपज्ञगुजराती-अंग्रेजीअनुवादसहितः

: પ્રકાશક :

શ્રી તપાગચ્છ જૈન સંઘ,

માંડલ (વીરમગામ)

પ્રકાશક :
શ્રી તપાગચ્છ જૈન સંઘ,
માંડલ
(વીરમગામ)

ભાદ્રપદ : વિ. સં. ૨૦૧૮
પહેલી આવૃત્તિ

મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ,
શારદા મુદ્રણાલય,
પાનકોર નાકા : અમદાવાદ.

आर्तनादः

त्वद्दत्तं भोजनं भुञ्जे त्वद्दत्तं च पिबामि कम् ।
त्वदाधारेण जीवामि देव ! तुभ्यं नमो नमः ॥ १ ॥

તારું આપેલું ખાણું ખાઉં છું, તારું આપેલું પાણી પીઉં છું અને તારા આધાર પર જીવું છું. હે દેવ ! તને વારંવાર નમસ્કાર.—૧

Oh God !

I take food and drink water offered by Thee. I live on Thy support. I repeatedly bow to Thee. 1

एकस्त्वमेव सर्वेषामाधारो जगतामसि ।
त्वदुपास्तिं विना विश्वे न कोऽपि लभते सुखम् ॥ २ ॥

એક તું જ સર્વ જગતોનો આધાર છે. તારી ઉપાસના વિના દુનિયામાં કોઈ સુખ પ્રાપ્ત કરી શકતો નથી.—૨

Thou alone art the support of all the worlds. Without resorting to Thee no one obtains happiness in the world. 2

क्षेत्रकालेषु सर्वेषु सर्वेषां देहधारिणाम् ।
त्वमेव शरणं देवः शरण्यः परमेश्वरः ॥ ३ ॥

હે દેવ ! તું પરમ ઈશ્વર છે અને શરણાગતનું રક્ષણ કરનાર છે. સર્વ ક્ષેત્રોમાં અને સર્વ કાળે બધા પ્રાણીઓને તું જ એક શરણ છે.—૩

Only Thou–the Almighty or Supreme Being art the refuge possessing ability to give shelter to all the embodied beings in all the places and at all times. 3

निर्बलस्य जगन्नाथ! मनसा वपुषा तथा।
रुग्णस्य मम नैवास्ति सामर्थ्यं त्वामुपासितुम् ॥ ४ ॥

હે જગન્નાથ! હું શરીરથી તેમ જ મનથી નિર્બળ છું અને રોગી છું. મારામાં તારી ઉપાસના કરવાનું સામર્થ્ય નથી.—૪

Oh Lord of the universe! as I am mentally physically weak and diseased, I am not at all able to worship Thee. 4

परन्तु मम वर्तेते श्रद्धानं प्रेम च त्वयि ।
स्मरतः स्तुवतश्च त्वां मोदते मम मानसम् ॥ ५ ॥

પણ મને તારામાં શ્રદ્ધા છે અને પ્રેમ છે, અને તને યાદ કરતાં તેમજ તારા ગુણોનું સ્તવન કરતાં મારું મન આનન્દિત થાય છે.—૫

But I am possessed of faith in and love for Thee; and my heart would be delighted while remembering and praising Thee. 5

इयदल्पा जगद्बन्धो ! योग्यता मम यद्यपि ।
तथापि करुणासिन्धो ! नाथ ! नाथामि ते दयाम् ॥ ६ ॥

હે જગદ્બન્ધુ ! જો કે મારી યોગ્યતા (લાયકાત) આટલી થોડી જ છે, તો પણ હે કરુણાસાગર ! તારી દયા યાચું છું.—૬

Oh universal brother ! though my ability is so little, oh Master-the ocean of mercy ! I beg Thee for Thy mercy. 6

यथा प्रकाशं सर्वत्र वितनोति दिवाकरः ।
तथा निर्बलचित्तेऽपि कृपां कुरु मयि प्रभो ॥ ७ ॥

જેમ સૂર્ય પોતાનો પ્રકાશ સર્વત્ર પાથરે છે, તેમ, હે પ્રભુ! હું નબળા મનનો છું તોયે મારા પર દયા કર.—૭

As the sun spreads light everywhere, so, oh Lord! have mercy upon me though I am weak-minded. 7

न करोत्यम्बुदो वर्षन् स्थानास्थानविवेचनम् ।
तथा मय्यतिहीनेऽपि पातय त्वत्कृपाकणम् ॥ ८ ॥

જેમ મેઘ સ્થાન–અસ્થાનનો વિચાર કર્યા વગર વરસે છે, તેમ, હું અતિહીણો છું તો યે મારા પર તારી દયાનું એક બિન્દુ પાડ.—૮

As rain, while raining, does not think of places-proper or improper, so kindly throw a drop of Thy mercy on me though I am devoid of virtues and power. 8

अयोग्यमपि सन्तोऽत्र कुर्वते योग्यतान्वितम् ।
विश्वेशस्त्वं तु मां योग्यं सुतरां कर्तुमर्हसि ॥ ९ ॥

જગતના સન્ત લોકો પણ અયોગ્યને યોગ્ય બનાવી શકે છે, તો તું તો વિશ્વનો સ્વામી છે, એટલે તું સહેલાઈથી મને યોગ્ય બનાવી શકે છે.—૯

If in this world the good or wise men can make an unworthy person worthy, then Thou—the lord of the universe—canst very easily make me worthy. 9

त्वयैव करुणां कृत्वा दातव्या योग्यतापि मे।
तद्द्वारेण च कल्याणभूमौ नेता त्वमेव मे ॥१०॥

તારે જ દયા કરીને મને યોગ્યતા આપવાની છે અને એ દ્વારા તારે જ મને કલ્યાણભૂમિ પર લઈ જવાનો છે—પ્રભુ !—૧૦

And Thou alone, out of compassion, art to bestow worthiness on me, and through it Thou only art to lead me to the ground of welfare. 10

ममाश्रयस्त्वमेवासि त्वमेवासि गतिर्मम ।
दयालुस्त्वं निसर्गेण मम दुःखं विदारय ॥११॥

તું જ મારો આશ્રય છે, તું જ મારી ગતિ છે. તું સ્વભાવે દયાળુ છે, માટે દુઃખમાંથી મને બહાર કાઢ—૧૧

Thou alone art my protector and my recourse, Thou art naturally merciful, so please deliver me from my miserable state. 11

नमस्कुर्वेऽभिवन्दे त्वां पतामि तव पादयोः ।
भूयो भूयोऽर्थये च त्वां नेतुं कुशलवर्त्मे माम् ॥१२॥

હું તને નમસ્કાર કરું છું, વન્દન કરું છું, તારા પગમાં પડું છું અને ફરી—ફરી યાચના કરું છું કે મને કુશલ-ક્ષેમના માર્ગે ચડાવ.—૧૨

I bow to Thee, I pay obeisance to Thee and I fall at Thy feet, and frequently request Thee to lead me to the auspicious path. 12

अपि प्रचण्डपाप्मानो भगवन्! कृपया तव ।
सन्मनीभूय संजाताः सुखिनः कुशलाध्वगाः ॥१३॥

મહાપાપી માણસો પણ તારી દયાથી નિર્મળ મનવાળા બની સુખી થયા છે અને કલ્યાણમાર્ગના પ્રવાસી બન્યા છે પ્રભુ!—૧૩

Oh God! through Thy grace even those who had committed very heinous sins, having been pious-minded, became happy and followers of the path of welfare. 13

अतो मदर्थे मा भूस्त्वमुदासीनो मनागपि ।
यादृशं तादृशं वापि त्वद्भक्तं मां समुद्धर ॥१४॥

માટે મારી બાબતમાં, હે પ્રભુ ! તું જરા પણ ઉદાસીનતા ધરાવ નહિ. જેવો-તેવો પણ હું તારો ભક્ત છું. મારો ઉદ્ધાર કર.—૧૪

So do not be careless about my cbject in the least. Whatever I may be, I am Thy devotee. Be kind enough to save me. 14

भगवन्! पूर्णमारोग्यं ममास्तु कृपया तव।
तथा मनः प्रशान्तं च प्रसन्नं च निरन्तरम्॥१५॥

હે ભગવન્! તારી દયાથી મને નિરન્તર પૂર્ણ આરોગ્ય રહો અને મારું મન પ્રશાન્ત તેમ જ પ્રસન્ન રહો.—૧૫

By virtue of Thy mercy may I always be endowed with full health and peacefulness as well as joyfulness of mind! 15

विस्मृत्य विश्वनाथं त्वां परमैश्वर्यसम्पदम् ।
भूधनं वा धनाढ्यं वा श्रयन् मूर्खशिरोमणिः ॥१६॥

તું જગત્‌નો પરમ ઐશ્વર્યશાલી નાથ છે. તને વીસરી જઈ કોઈ રાજાનો યા ધનાઢ્ય માણસનો આશ્રય લેનાર ખરેખર મહામૂર્ખ છે.—૧૬

He is a great fool who having forgotten Thee—the lord of the universe possessed of the highest supremacy, resorts to a king or a rich man. 16

सम्पद्यते न साफल्यं महतः कीदृशादपि ।
विना त्वत्कृपया तस्मादुपास्योऽसि त्वमेव हि ॥१७॥

તારી કૃપા વગર ગમે તેવા મોટાની પાસેથી પણ સફલતા મળી શકતી નથી. માટે સમગ્ર વિશ્વમાં તું જ એક ઉપાસના કરવા યોગ્ય છે.—૧૭

Without Thy favour a person cannot get success from even a very great man. Hence Thou alone art worthy of being worshipped. 17

दुर्भाग्यो भाग्यशाली स्यात् त्वत्कारुण्यप्रभावतः ।
अचिन्त्याश्चोपतिष्ठन्ते सुयोगास्तस्य लाभदाः ॥१८॥

તારી કૃપાથી દુર્ભાગી ભાગ્યશાળી બને છે અને તેને લાભ આપનારા સારા સંયોગો અણધાર્યાં પ્રાપ્ત થાય છે.—૧૮

An unfortunate person turns into a fortunate one and advantageous good occasions inconceivably approach him by Thy kindness. 18

नरेन्द्रा वा सुरेन्द्रा वा महाशक्तिभृतोऽपि वा ।
त्वदाश्रयणहीनाश्चेद् दरिद्रा रंकजीविताः ॥१९॥

નરેન્દ્રો કે સુરેન્દ્રો અથવા મહાશક્તિધરો પણ જો તારો આશ્રય તેમણે લીધો ન હોય તો રંક અને દરિદ્ર છે.—૧૯

Even kings either human or celestial, and even those possessing extraordinary powers, are, indeed, poor and wretched, if they are without devotion to Thee. 19

धनमानविहीनोऽपि मन्दधी रोगितोऽपि वा ।
यद्यस्ति त्वामुपासीनोऽवश्यं भावी सुखर्द्धिभाक् ॥२०॥

માણસ ધન વગરનો હોય, આદર વગરનો હોય, મન્દ બુદ્ધિનો હોય અથવા રોગી હોય, પણ જો તે તારી ઉપાસનામાં રત હોય તો સુખસમ્પન્ન તથા ઋદ્ધિસમ્પન્ન જરૂર થવાનો.—૨૦

A person who is penniless, dishonoured, dull-witted or diseased, if adoring Thee with sincerity as well as persistence, is sure to be elevated and blessed. 20

प्रवरं शास्त्रपाण्डित्यं प्रखरं वक्तृताबलम् ।
प्रबलं गौरवं वापि त्वदुपास्ति विना वृथा ॥२१॥

પ્રબલ શાસ્ત્રપાંડિત્ય, પ્રખર વકતૃત્વશક્તિ અથવા મહદ્ ગૌરવ વ્યર્થ છે જો તે તારી ઉપાસનાથી સુવાસિત ન હોય તો.—૨૧

Vast erudition in scriptures, excellent oratory and great dignity are in vain if they have no connection with devotion to Thee. 21

त्वदुपास्तिरसो विश्वे समग्ररसशेखरः ।
स्वाध्यायाद्यखिलं कर्म नीरसं खलु यं विना ॥२२॥

જગતમાં તારી તરફનો રસ (ઉપાસનારસ—ભક્તિ-રસ) બધા રસોમાં શિરોમણિ છે. એ રસ વગરનાં સ્વાધ્યાય વગેરે બધાં કર્મો નીરસ છે.—૨૨

The sentiment of worship of Thee is the foremost of all the sentiments in the world. In its absence all the religious actions such as sacred study etc., are insipid. 22

महासौन्दर्यपूर्णोऽसि महानन्दमयोऽसि च ।
महाशक्तिमयश्चासि महाज्योतिर्मयोऽसि च ॥२३॥

તું મહાસૌન્દર્યમય, મહાનન્દમય, મહાશક્તિમય અને મહાજ્યોતિર્મય છે.—૨૩

Thou art the embodiment of great beauty, great delight, great power and great lustre. 23

परःसहस्रा आदित्याः सुधादीधितयस्तथा।
पुरस्ते तेजसो मन्दाः शीतत्वस्य च हे प्रभो ! ॥२४॥

પ્રભુ ! હજારો સૂર્યો તારા તેજની આગળ અને હજારો ચન્દ્રો તારી શીતલતાની આગળ હીણા છે.—૨૪

O lord ! before Thee, the suns and the moons more than a thousand, even collected, are deficient in light and in coldness respectively. 24

त्वदनुस्मरणेनाहं पुनामि स्वस्य मानसम् ।
तव स्तवेन वाचं च कायं च त्वत्प्रणामतः ॥२५॥

તને સ્મરતો રહીને, તને સ્તવતો રહીને અને તને પ્રણમન કરતો રહીને હું મારાં મન–વચન–કાયને પવિત્ર બનાવું !—૨૫

May I purify my mind, speech and body by remembering, eulogizing and saluting Thee respectively ! 25

त्वदेकशरणीभूय त्वदाज्ञामनुसृत्य च ।
भवानि सर्वरागादिसंक्लेशच्छेदनक्षमः । ॥२६॥

તારું જ શરણુ ગ્રહીને અને તારા ઉપદેશ પ્રમાણે ચાલીને હું મારા બધા રાગાદિ ક્લેશોને છેદવા સમર્થ બનું !—૨૬

Having resorted to Thee alone and having followed Thy injunction, may I be able to eradicate all sorts of pains arising from attachment and aversion ! 26

प्रसीद मयि हे स्वामिन् ! समर्थः स्यामहं यतः ।
कल्याणरूपां सम्प्राप्तुं परमानन्दसम्पदम् ! ॥२७॥

હે સ્વામી ! મારા પર પ્રસન્ન થા, જેથી કલ્યાણરૂપ પરમ આનન્દસમ્પત્તિને પ્રાપ્ત કરવા સમર્થ બનું !—૨૭

Oh Master ! be pleased with me so that I may be competent to secure the supremacy of auspicious pleasure. 27

श्रेयोमार्गप्रकाशेन तव विश्वोपकारिता ।
अनन्तगुणमाहात्म्यं त्वय्यनन्तं विभाति च ॥
इत्थं विभूतिमत्त्वं ते पारमेशं विभावयन् ।
तव पादारविन्देषु को नहि प्रणतो भवेत् ? ॥२८–२९॥
(युग्मम्)

કલ્યાણમાર્ગનું પ્રકાશન કરવાથી તું જગતનો ઉપકારી છે અને તારામાં અનન્ત ગુણોનું અનન્ત માહાત્મ્ય પ્રકાશે છે. આ તારી ઈશ્વરી વિભૂતિનો ખ્યાલ આવતાં કોણ તારાં ચરણકમલોમાં નહિ ઝુકે ?—૨૮–૨૯

Thou art the benefactor of the world by revealing the path of welfare and Thou art shining by the infinite magnificence of the infinite qualities.

Who reflecting on this divine grandeur of Thee, would not bow at Thy lotus-like feet ? 28-29

सर्वकल्याणकर्तारं दातारं सर्वशर्मणाम् ।
सर्वसंक्लेशहर्तारं ज्ञातारं सकलं जगत् ॥
विश्वार्च्यं विश्वबन्धुं च विश्वभासनभास्करम् ।
विश्वम्भरं च विश्वेशं शरणं त्वां समाश्रितम् ॥
त्वत्पादपाथोरुहसन्निधाने महाशयाऽऽसीनमशान्तमार्तम् ।
मां पश्य कारुण्यदृशा महेश ! नम्रस्य मे साञ्जलिरर्थनेयम् ॥

३०-३१-३२॥

(त्रिभिर्विशेषकम्)

તું સર્વનું કલ્યાણ કરનાર છે, તું સર્વને સુખ આપનાર છે, તું સર્વનાં કષ્ટોને હરનાર છે, તું સમગ્ર જગત્‌નો જ્ઞાતા છે. તું વિશ્વપૂજ્ય છે, વિશ્વબન્ધુ છે, વિશ્વનો સૂર્ય છે, વિશ્વંભર છે અને વિશ્વેશ્વર છે. અશાન્ત અને દુઃખી એવા મેં તારું શરણ લીધું છે અને તારાં ચરણકમલોની પાસે મોટી આશા સાથે બેઠો છું, તો હે મહેશ ! મારી સામું કરુણાદૃષ્ટિથી જો ! આ મારી હાથ જોડીને નમ્ર યાચના છે.—૩૦-૩૧-૩૨

Thou art the doer of good to all, giver of all kinds of happiness to all, destroyer of all

miseries of all and knower of the whole world.

Thou art adored by and kind to the universe, Thou art the all-enlightening sun, Thou art all-sustaining and Thou art the lord of the universe.

Oh Lord! please look at me-miserable and afflicted with compassionate eyes, me-who have taken refuge with Thee and am sitting with a great hope in the vicinity of Thy lotus-like feet.

This is my humble request with folded hands.

30-31-32